પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ●અંક : ૦૬ ●કુલ પાના : ૪ ●તારીખ : ૨૭-૦૮-૨૦૨૨ શનિવાર● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુપ્રીમ કોર્ટે રેવડી કલ્ચર મામલો ત્રણ જજની બેંચને મોકલી આપ્યો


## એ વાતને નકારી શકાય નહીં કે ચૂંટણી લોકશાહીમાં વાસ્તવિક શક્તિ મતદારો પાસે હોય છે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

આજે સુપ્રીમ કોર્ટે આ મામલો ત્રણ જજની બેંચને મોકલી આપ્યો છે. ચૂંટણી દરમ્યાન મફત યોજનાઓની જાહેરાત અને તેના પછીના અમલીકરણથી અર્થતંત્રને નુકસાન થાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર કોર્ટનો નિર્ણય આવ્યો છે. કોર્ટે કહ્યું કે 'ફ્રીબીઝ' (રેવડી કલ્ચર) એ કરદાતાના નાણાંનો નોંધપાત્ર બગાડ છે. કોર્ટે કહ્યું કે જ્યારે આ કોર્ટ નીતિ વિષયક મામલા પર કાર્યવાહી કરે છે ત્યારે આવો મામલો કોર્ટના કાર્યક્ષેત્ર અથવા અધિકારક્ષેત્રની બહાર હોય છે. અમે આ મુદ્દે શ્વેતપત્ર તૈયાર કરવા માટે એક સમિતિનું સૂચન કરવાનું વિચાર્યું અને જો સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે તો આ મુદ્દે વ્યાપક ચર્ચાની જરૂરિયાત પૂરી થઈ શકે છે.

'ફ્રીબીઝ' એટલે કે રેવડી કલ્ચર પર સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું કે, સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. આ માટે કમિટી બનાવવી સારું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'કેટલાક પ્રશ્નો છે જેમ કે ન્યાયિક હસ્તક્ષેપનો અવકાશ શું છે ? શું કોર્ટ કોઈપણ યોજનાનો અમલ કરવા માટે આદેશ આપી શકે છે ? સમિતિની રચના શું હોવી જોઈએ ? કેટલાક પક્ષનું કહેવું છે કે, સુબ્રમણ્યમ બાલાજીના ૨૦૧૩ના ચુકાદા પર પણ પુનર્વિચાર કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું કે, અરજદારનું કહેવું છે કે આવા વચનો



રાજ્યની અર્થવ્યવસ્થા પર મોટી અસર કરે છે અને મત બેંકોને આકર્ષવા માટે નાણાકીય અસરોનું મૂલ્યાંકન કર્યા વિના કરવામાં આવે છે. ચીફ જસ્ટિસે કહ્યું કે, મફતના કારણે રાજ્યને નાદારી તરફ ધકેલવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. તેમણે કહ્યું કે, આવી મફત જાહેરાતોનો ઉપયોગ પાર્ટીની લોકપ્રિયતા વધારવા માટે કરવામાં આવે છે. તે રાજ્યને વાસ્તવિક પગલાં લેવાથી વંચિત રાખે છે.

આ મામલાની છેલ્લી સુનાવણીમાં કોર્ટે સરકારને સર્વપક્ષીય બેઠક દ્વારા અભિપ્રાય બનાવવા માટે કહ્યું છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે, આ અંગેના નિયમો, કાયદા અને કાયદા બનાવવાનું કામ તેમનું નથી, પરંતુ સરકારનું છે. આ સાથે સરકારે કહ્યું કે, કાયદો બનાવવાની બાબત એટલી સરળ નથી. કેટલાક વિરોધ પક્ષો આ મફત જાહેરાતને બંધારણ દ્વારા આપવામાં આવેલા અભિવ્યક્તિના અધિકારના ભાગરૂપે માને છે.

અશ્વિની ઉપાધ્યાય દ્વારા રેવડી કલ્ચર સામે દાખલ કરવામાં આવેલી અરજીમાં મતદારોને આકર્ષવા માટે રેવડી કલ્ચર નું વચન આપતા રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. આ મામલામાં સુનાવણી દરમ્યાન ઝર્તેં એનવી રમનાએ કહ્યું હતું કે, લોકોનું ભલું કરવું એ સરકારની જવાબદારી છે. તેમણે કહ્યું હતું કે, મુદ્દો એ છે કે જનતાના પૈસાને યોગ્ય રીતે ખર્ચવાનો સાચો રસ્તો શું છે અને આ મામલો ખૂબ જ જટિલ છે. સવાલ એ પણ છે કે, શું કોર્ટ આ મુદ્દાઓની તપાસ કરવા સક્ષમ છે. ઝર્તેં રમણાએ કહ્યું હતું કે, દેશના કલ્યાણ માટે ફ્રીબીઝ એટલે કે રેવડીના વિતરણ મુદ્દે ચર્ચા જરૂરી છે. સીજેઆઈએ કહ્યું હતું કે, રાજકારણી દ્વારા મફતના રૂપમાં આપેલા વચન અને કલ્યાણ યોજના વચ્ચે તફાવત કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં મફત સુવિધાઓના વચનનો મામલો પુનર્વિચાર માટે મોકલી આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એ વાતને નકારી શકાય નહીં કે ચૂંટણી (લ્ક્ષીર્ષ્ઠૈહ) લોકશાહીમાં વાસ્તવિક શક્તિ મતદારો પાસે હોય છે. મતદારો પક્ષો અને ઉમેદવારો નક્કી કરે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ મુદ્દે નિષ્ણાત સમિતિની રચના કરવી યોગ્ય રહેશે. પરંતુ તે પહેલા ઘણા પ્રશ્નો પર વિચાર કરવાની જરૂર છે. ૨૦૧૩ના સુબ્રમણ્યમ બાલાજીના ચુકાદાની પણ સમીક્ષા કરવાની જરૂર છે. અમે આ મામલો ત્રણ જજોની વિશેષ બેંચને મોકલી રહ્યા છીએ. આ મામલે બે સપ્તાહ બાદ સુનાવણી થશે.

સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. આ માટે કમિટી બનાવવી સારું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેટલાક પ્રશ્નો છે જેમ કે ન્યાયિક હસ્તક્ષેપનો અવકાશ શું છે? શું કોર્ટ કોઈપણ યોજનાનો અમલ કરવા માટે આદેશ આપી શકે છે? સમિતિની રચના શું હોવી જોઈએ? કેટલાક પક્ષનું કહેવું છે કે સુબ્રમણ્યમ બાલાજીના ૨૦૧૩ના નિર્ણય પર પણ પુનર્વિચાર કરવાની જરૂર છે.

ચીફ જસ્ટિસે કહ્યું કે મફતના કારણે રાજ્યને નાદારી તરફ ધકેલવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. તેમણે કહ્યું કે આવી મફત જાહેરાતોનો ઉપયોગ પાર્ટીની લોકપ્રિયતા વધારવા માટે કરવામાં આવે છે. તે રાજ્યને વાસ્તવિક પગલાં લેવાથી વંચિત રાખે છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ચૂંટણી લોકશાહીમાં ઈલેક્ટોરલ કૉલેજ પાસે સાચી સત્તા છે.

## મહારાષ્ટ્રથી જમ્મુ-કાશ્મીર સુધી ભૂકંપના આંચકા અનુભવાયા

મુંબઇ,

મહારાષ્ટ્રથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી ભૂકંપના આંચકા અનુભવાયા છે. મહારાષ્ટ્રમાં રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૯ અને કાશ્મીરમાં ૩.૪ માપવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કટરાથી ૬૨ કિમી દૂર ઉત્તર-પૂર્વ-ઉત્તરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

કોલ્હાપુરથી ૧૭૧ કિમી પૂર્વમાં મહારાષ્ટ્રમાં બપોરે ૨.૨૧ કલાકે ૩.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની અસર જમીનથી ૧૦ કિલોમીટર નીચે સુધી હતી. કાશ્મીરમાં સવારે ૩:૨૮ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યાં ભૂકંપની ઊંડાઈ જમીનથી પાંચ કિલોમીટર નીચે હોવાનું જાણવા મળ્યું હતું. તે જ સમયે, અફઘાનિસ્તાનના કાબુલમાં બપોરે ૨:૫૫ વાગ્યે ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અહીં ભૂકંપની અસર જમીનની નીચે ૮૦ કિમીની ઊંડાઈએ હતી.

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૦ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. બુધવારે રાત્રે પણ જમ્મુ-કાશ્મીરમાં એક કલાકમાં બે વાર ધરતી ધ્રૂજી. બુધવારે રાત્રે ખીણમાં પહેલો ભૂકંપ રાત્રે ૧૧:૦૪ કલાકે આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૨ હતી. બીજો ભૂકંપ રાત્રે ૧૧:૫૨ કલાકે ૪.૧ની તીવ્રતા સાથે આવ્યો હતો.

મંગળવારે સાત વખત ભૂકંપ આવ્યો હતો. તેમાંથી ત્રણ ભૂકંપનું કેન્દ્ર ઉધમપુર, ત્રણ ડોડા અને એક કિશ્તવાડ હતું. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૬ થી ૩.૯ માપવામાં આવી હતી. જણાવી દઈએ કે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા વધુ હોવાને કારણે ખીણમાં કોઈ નુકસાન થયું નથી. હાલમાં, આ સ્થળોએ ભૂકંપને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે વધુ અપડેટ આવવાના બાકી છે.

## વિદ્યાર્થીઓને લાગ્યો મોટો ઝટકો : JEE મેઈન્સ પરીક્ષા ફરી વાર નહીં યોજાય

નવીદિલ્હી,

આઈઆઈટીમાં એડમિશન માટે એન્ટ્રેસ એક્ઝામ જેઈઈ એડવાંસ્ડ ૨૦૨૨ની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે જરૂરી સમાચાર આવ્યા છે. આપની પરીક્ષા નિશ્ચિત તારીખે જ લેવાશે. જેઈઈ એડવાંસ્ડ ૨૦૨૨ની તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પૂર્વ નિર્ધારિત શિડ્યૂલ એટલે કે, રવિવાર ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ આઈઆઈટી જેઈઈ એડવાંસ્ડ પરીક્ષા લેવાશે. તો વળી જેઈઈ મેઈન્સ ૨૦૨૨માં પણ બીજી તબક્કાની આશા ખતમ થઈ ચુકી છે. શુક્રવારે ૨૬ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે આ મામલે નિર્ણય સંભળાવ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં અરજી લગાવામાં આવી હતી કે, જેઈઈ મેઈન્સ પરીક્ષામાં ઉમેદવારોને બીજો મોકો આપવામાં આવે. અરજીકર્તાનું કહેવુ હતું કે ટેકનિકલ અડચણોના કારણે જેઈઈ મેઈન્સ ૨૦૨૨ એક્ઝામમાં તે ૫૦ સવાલ અટેમ્પટ નહીં કરી શકે. આ ટેકનિક ખામી કેડીડેટની ભૂલ નહોતી. પણ સેન્ટરની ભૂલોનું પરિણામ વિદ્યાર્થીઓએ ચોક્કસથી ભોગવવું પડશે. એટલા માટે કેંડિડેંટને ફરી એક વાર મોકો મળે. જેથી તેમને ન્યાય મળી શકે. પણ સુપ્રીમ કોર્ટે આ અરજી રદ કરી દીધી હતી. વડી અદાલતે કહ્યુ કે, અમે આ પરીક્ષામાં વધારે જટિલતા ઊભી કરી શકીએ નહીં. સાર્વજનિક પરીક્ષાઓની નિયમિતતા બનાવી રાખવી જોઈએ. વિદ્યાર્થીઓ કોર્ટમાં જતા રહે છે, આઈઆઈટી જેઈઈ ૨૦૨૨ એડવાંસ્ડની પરીક્ષા નિશ્ચિત સમય પર થવા દો.

આ વર્ષે જેઈઈ મેઈન્સ પરીક્ષા બે સેશનમાં લેવામાં આવી હતી. જૂન અને જૂલાઈમાં આ બંને સત્રની એક્ઝામ લેવાઈ હતી. જો કે, બંને અવસર પર દેશભરમાં અલગ અલગ કેન્દોર પર ટેકનિકલ ખામીઓ સર્જાઈ હતી. કેટલાય વિદ્યાર્થીઓને આ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. અને તેના માઠા પરિણામ પણ ભોગવવા પડ્યા હતા. તેને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી લગાવામાં આવી હતી.



તા.૨૭/૦૮/૨૦૨૨
શનિવાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરના નાના અંબેલા ગામે પરણિતાએ સાસરીયાના ત્રાસ થી કુવામાં પડી આપઘાત કર્યો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાની નાના અંબેલા ગામની ઘટના ક્રાઈમ રિપોર્ટ તને જમવાનું બનાવતા આવડતું નથી. કામ કરતાં આવડતું નથી. વારંવાર ત્રાસ આપતા સાસુ સસરા નણંદ અને પતિના ત્રાસથી ત્રણ વર્ષના બાળક સાથે પરણીતાએ કુવા પૂરીઓ

સંતરામપુર તાલુકાના નાના અંબેલા ગામે ખેરવા ગામની દીકરીના લગ્ન નાના અંબેલા ગામે કરવામાં આવેલા હતા. જેમાં પરણીતાનો સિદ્ધાંત બાળક પણ હતો, પરંતુ પરણીતાના સાસરીના સાસુ,સસરા, પતિ અને નણંદ તને કામ કરતા આવડતું નથી. તને જમવાનું બનાવતા આવડતું નથી. આમ, પરણીતાને છેલ્લા ઘણા સમયથી વારંવાર માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો અને મારઝૂડ કરી મૂકતો હતો. છે ક સુધી પરણીતાને મરવા સુધીના પ્રયાસો કરી હતા. વારંવાર ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. સાસરી માંથી પરણીતા તેમના ઘરમાંથી ત્રણ દિવસથી ગુમ થયેલી હતી. ત્રણ દિવસ બાદ તેમની ઘરની પાસે જ તેમના કૂવામાંથી પરણીતાનો અને ત્રણ વર્ષના બાળકોનું કૂવામાંથી મૃતદેહ જોવા મળ્યો હતો. આ ઘટના બનતા જ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી હતી. સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોંચીને કુવામાંથી માતા અને પુત્રનું મૃતદેહ બહાર કાઢી સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં કરવા માટે મોકલી આપવામાં આવેલું હતું. તેના ઘરેથી તેના પતિની અટકાયત કરવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસ હજુ તમામની શોધ કરો કરી રહી છે, આવી ઘટના બનતા નાના અંબેલા ગામે માતમ જેવું છવાઈ ગયું. સંતરામપુર પોલીસ સ્ટેશનમાં રાયસીંગભાઈ નાગજીભાઈ બામણીયા ચારના વિરૂદ્ધ ગુનો દાખલ કરાવેલો હતો. સંતરામપુર પોલીસે આરોપી સંજયભાઈ મગજીભાઈ ડામોર મોગજીભાઈ ભૂંડાભાઈ ડામોર સોમલીબેન મોઘજીભાઈ ડામોર સુરેખાબેન મોગજીભાઈ ડામોર ચારના વિરૂદ્ધ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવેલી હતી. આ ઘટનાની સંતરામપુર પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોંચી એસ એલ કલાસવા પીએસઆઈ તથા પોલીસ સ્ટાફે કાર્યવાહી અને તપાસા ધરાઈ હતી.

# સંતરામપુરના બટકવાડા પાસેથી ૨.૬૩ લાખનો ઈંગ્લીશ દારૂ પોલીસે ઝડપ્યો



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના બટકવાડા નવાગરા પાસેથી ઈંગ્લિશ દારૂ ઝડપાયો બુટલેગરોની દારૂની હેરાફેરી કરવા માટે નવી ટેકનીકનો ઉપયોગ કર્યો

સંતરામપુર તાલુકાના બટકવાડા નવાગરા પાસે સંતરામપુર પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન અને બાતમીના આધારે ઈંગ્લિશ દારૂ ઝડપી પાડેલો હતો. ચોખાની ભૂસાની આડમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી થતી હતી. પીકપ ડાલામાં નીચે ઈંગ્લિશ દારૂની બોટલો ગોઠવેલા હતા અને તેની ઉપર ચોખાની ભૂસાની થેલીઓ બનાવીને ઉપર ગોઠવવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસે પૂછપરત કરતા અને તપાસ કરતા પીકપની અંદર પોલીસ તપાસ કરતાં બંને બુટલેગરો પૂરજોશમાં ભગાડીને નાશી છૂટેલા હતા. સંતરામપુર પોલીસે તેનો પીછો કરતા પીકઅપ ડાલો સાંગાવાડા વળાંકમાં મૂકીને બંને જણા ઝાડી જાખરા જંગલમાં ભાગી છૂટેલા હતા. સંતરામપુર પોલીસે ગાડી અને ઈંગ્લિશ દારૂ કબજે કરેલો હતો. અલગ અલગ પ્રકારની ભારતીય બનાવટી ઈંગ્લિશ દારૂની બોટલો નંગ–૧૦૮૦, રૂપિયા ૨૧,૫૬૦ બીયર કાચની બોટલ તથા ટીન નંગ ૧૯૨ રૂપિયા ૬૭,૬૮૦ કુલ મળીને રૂા.૨,૮૩,૪૪૦ તથા પીકઅપ ગાડીની કિંમત સાથે રૂપિયા ૪,૮૩,૪૪૦ નો મુદ્દા માલ કબજે કરેલો હતો. પૂરજોશમાં પીકપ ગાડીએ દોડાવતા ગાડીના આગળના કાચ અને ચારે બાજુથી ગાડીને નુકશાન થયેલું જોવા મળેલું હતું. સંતરામપુર પોલીસે મુદ્દા માલ કબજે કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસ બંને આરોપોની નાકાબંધી કરીને શોધખોળ ચાલુ રાખેલી હતી. આ સફળ કામગીરીમાં સંતરામપુરના પીઆઈ મછાર તથા પોલીસ સ્ટાફના સહકારથી સફળતા મળેલી હતી.

# મહિસાગર જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક પારીતોષિક-૨૦૨૨ પસંદગી

લુણાવાડા,

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ : ૨૦૨૨ માટે અત્રેના જિલ્લામાંથી તાલુકા કક્ષાએ ૦૩ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ છે. તેમજ જિલ્લા કક્ષાએ ૦૩ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ છે.જેમાં જિલ્લા કક્ષા માટે પ્રાથમિક શાળાના શિક્ષકોમાંથી ૦૧ શિક્ષક સી.આર.સી./બી.આર.સી./ કેળવણી નિરીક્ષક/એચ.ટાટ આચાર્ય કેટેગરીમાં ૦૧ શિક્ષક અને માધ્યમિક શાળાના શિક્ષકોમાંથી ૦૧ શિક્ષકની પસંદગી કરવામાં આવેલ છે.

જેમાં તાલુકા કક્ષાએ પ્રાથમિક વિભાગમાંથી સંતરામપુર તાલુકાના સંત શિક્ષણાનુભવ પ્રા.શાળાના આશિસ્ટંટ શિક્ષક વષોબેન મંગળભાઈ પ્રજાપતિ, કડાણા તાલુકામાથી ઘોળીઘાંટી વર્ગ (વડાઝાપાં) પ્રા.શાળા આશિસ્ટંટ શિક્ષક દિલીપભાઈ વિરાભાઈ પટેલ અને ખાનપુર તાલુકામાંથી પ્રા.શાળા બાબલીયાના નિલેશકુમાર મિસ્ત્રીની પસંદગી કરવામાં આવી છે.

જયારે જિલ્લા કક્ષા માટે પ્રાથમિક વિભાગમાથી સંતરામપુર તાલુકાના આંજણવાના સી.આર.સી રમેશભાઈ નારણભાઈ પટેલ અને માધ્યમિક વિભાગમાથી બાલાસિનોર તાલુકાના કરૂણાનિકેતન હાઈસ્કુલના મદદનિશ શિક્ષક વિમલકુમાર બુધાલાલ સુથારની પસંદગી કરવામાં આવી છે.તેમ જિલ્લા શિક્ષણાધિકારી મહિસાગર–લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# મહિસાગર જિલ્લામાં લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ માટે ભરતી

લુણાવાડા,

નામદાર નાલ્સા,સુપ્રિમ કોર્ટ, ન્યુ દિલ્હી અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ,અમદાવાદના નિર્દેશાનુસાર લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલની ટૂંક સમયમાં સ્થાપના મહિસાગર જિલ્લા ન્યાયાલય, ભોયતળિયે, મુ. લુણાવાડા ખાતે કરવામાં આવનાર છે. જે અન્વયે ઈચ્છુક વિદ્વાન વકીલઓએ સદર જાહેરાત માટેની ગાઈડ લાઈનનો પૂર્ણ અભ્યાસ કરી જે તે પોસ્ટને લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૫/૯/૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરીમાં નિયત કરેલ અરજી માંજ ફોર્મ વિગતવાર ભરી જમા કરાવવી.સદર જાહેરાત મહીસાગર જીલ્લાના તથા તાલુકાના બારમાં જાહેરાત મોકલવામાં આવેલ છે. તેમજ અત્રેની કચેરીની https://www.facebook.com/dlsa.mahisagarlunawada સાઈડ ઉપર પ્રસિધ્ધ કરેલ છે.

લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલનાઓએ માત્રને માત્ર ક્રિમીનલ કેસો મેજીસ્ટ્રેટ કોર્ટોમાં ચાલતા કેસૌથી લઈને સેસન્સટાયબલ કેસો ચલાવવા તેમજ જામીન અરજી,રીમાન્ડ આમ તમામ પ્રકારના ક્રિમીનલ અરજીઓને લગતા કાર્યો આરોપી પક્ષે ચલાવવા માટે રહેશે. એલ.એ.ડી.સી.માં જયાં સુધી હોદો ધરાવે ત્યાં સુધી પ્રાઈવેટ વકીલાત બંધ કરવાની રહેશે, ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ ની જગ્યા ભરતી અન્વયે ૩૦ સેસન્સ કેસો ચલાવેલ હોવા જોઈએ. વકીલાત તરીકેનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. ડેપ્યુટી ચીફ, લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલની જગ્યા ભરતી અન્વયે ૨૦ સેસન્સ કેસો ચલાવેલ હોવા જોઈએ. વકીલાત તરીકેનો ઓછામાં ઓછો ૭ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. આસીસ્ટન્ટ, લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ ની જગ્યા ભરતી અન્વયે સારૂ કાયદાકીય જ્ઞાન, રીસેપ્શન સ્કીલ–૩ વર્ષનો ક્રિમીનલ સાઈડનો અનુભવ આવશ્યક રહેશે.

ઉપરોકત દર્શાવેલ ભરતી તદન હંગામી ધોરણે બે વર્ષ માટે કરવામાં આવે છે. પ્રર્ફોમન્સ અને ગુણવત્તાના આધારે નિયમોનુસાર એક્ષટેન્શન આપવામાં આવશે. તેમ ફુલ ટાઈમ સેંક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર લુણાવાડાની અખબારી યાદીમાં વણાવેલ છે.

## સંતરામપુરના પરથમપુરા ગામે વિજળી પડવાથી મોત થવાની ઘટનામાં મંત્રી દ્વારા પરિવારને ૪ લાખની સહાય કરાઈ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના પરથમપુર ગામના યુવક મનસુખભાઈ ચમનભાઈ પારગી કે જેઓનું ૯ ઓગસ્ટના દિવસે વિજળી પડવાથી દુઃખદ અવસાન નિપજ્યું હતું.

જે બનાવ બાદ રાજયકક્ષા મંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા દુઃખ સાથે લાગણી વ્યક્ત કરી હતી અને સરકાર માંથી જે કઈ પણ મદદ થતી હશે તે કરશે તેવી ખાતરી આપી હતી.

આજરોજ રાજયકક્ષા મંત્રી કુબેરભાઈ ડિંડોર પ્રચાસો થી રાજય સરકાર દ્વારા મૃતકના પરિવારને ૪ લાખની સહાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે એસટી મોરચાના પ્રદેશ ઉપાદયક્ષ રમેશભાઈ ભાભોર તથા તાલુકા પંચાયત પ્રમુખ પટેલીયા ન્યાય સમિતિના ચેરમેન હરીશભાઈ વળવાઈ, કડાણા થી તાલુકા પંચાયત સભ્ય બિપીનભાઈ પંચાલ, તાલુકા વિકાસ અધિકારી ભરવાડ સહિતના ગામનાં આગેવાનો હાજર રહ્યાં.

# રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિથી જનજીવન પ્રભાવિત

નવીદિલ્હી,

મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત અનેક રાજયોમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ છે. ભારે વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રાજસ્થાનમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે. જો કે આગામી કેટલાક દિવસો સુધી રાજયમાં ભારે વરસાદથી રાહત મળી શકે છે. હવામાન વિભાગેકહ્યું છે કે રાજસ્થાનમાં આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદની કોઈ શક્યતા નથી, જોકે છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

દરમિયાન, મધ્યપ્રદેશના વિદિશા, સાગર, ભીંડ, મોરેના અને શ્યોપુર જિલ્લામાં વરસાદને કારણે પૂર આવ્યું છે. રાજયમાં વરસાદનો વર્તમાન રાઉન્ડ ૩૧ ઓગસ્ટ સુધી રહેવાની શક્યતા છે. મધ્ય અને પૂર્વ મધ્યપ્રદેશ પર તેની અસર પડશે. પહાડી રાજય ઉત્તારાખંડની વાત કરીએ તો તાજેતરના વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓમાં મૃત્યુઆંક વધીને ૧૧ થઈ ગયો છે. અહીં હિમાચલના કેટલાક ભાગોમાં ભૂસ્ખલનની ઘટનાઓ પણ જોવા મળી રહી છે.

રાજસ્થાનની વાત કરીએ તો, મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાજયના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને અસરગ્રસ્ત લોકોને મળ્યા હતા. તેમણે અધિકારીઓને ટૂંક સમયમાં નુકસાનનું મૂલ્યાંકન કરવા નિર્દેશ આપ્યો. ગેહલોત શુક્રવારે પૂર પ્રભાવિત ધોલપુર અને કરૌલી જિલ્લાની મુલાકાત લેશે. તે જ સમયે, ભારતીય વાયુસેના અને રાજય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમે ગુરુવારે વધુ ૭૪૨ લોકોને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડ્યા હતા. એક સત્તાવાર પ્રવકતાએ જણાવ્યું કે મુખ્યમંત્રી ગેહલોતે મુખ્યમંત્રીને રાજયમાં ભારે વરસાદથી પ્રભાવિત બુંદી, કોટા અને બારન જિલ્લાનું હવાઈ નિરિક્ષણ કર્યુ હતું.

પૂર પ્રભાવિત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીની માહિતી લીધા પછી, તેમણે અધિકારીઓને પાક, પ્રાણીઓ અને જાહેર અને ખાનગી સંપત્તિને થયેલા નુકસાનનું વહેલું મૂલ્યાંકન કરવા નિર્દેશ આપ્યો. ગેહલોતે કહ્યું કે દરખાસ્તનું મૂલ્યાંકન કર્યા પછી, એક દરખાસ્ત બનાવો અને તેને વહેલી તકે રાજય સરકારને મોકલો, જેથી અસરગ્રસ્તોને સમયસર રાહત મળી શકે.

દરમિયાન, એરફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) ની ટીમે ૭૪૨ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા.આપત્તિ વ્યવસ્થાપન અને રાહત વિભાગના સચિવ આશુતોષ પેડનેકરે જણાવ્યું હતું કે, "રેસ્ક્યૂ ઓપરેશન ચલાવીને ૬૪૨ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ધૌલપુર, કોટા અને કરૌલીમાં સ્થાનો. ધૌલપુરથી એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા ૧૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. રાજયના અન્ય ભાગોમાં ૧૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. જો કે હવામાન વિભાગ મુજબ હવે વધારે વરસાદની આગાહી નથી

# આપની આજ.......

મેષ : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામા આપ્યા



નવીદિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આઝાદે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને પાંચ પાનાનો રાજીનામું મોકલ્યું છે. જો કે, આ દરમિયાન એવી માહિતી સામે આવી રહી છે કે આઝાદ તેમની નવી રાજકીય પાર્ટી બનાવશે. જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા જીએમ સરોરીએ આઝાદ વિશે મોટું નિવેદન આપ્યું અને કહ્યું કે તેઓ ભાજપમાં જોડાશે નહીં, પરંતુ તેઓ ટૂંક સમયમાં પોતાની એક નવી રાજકીય પાર્ટી બનાવશે. તેમના ઘણા સમર્થકોએ રાજીનામું આપી દીધું છે.આઝાદ મોટા નેતા રહ્યા છે, તેમણે કોંગ્રેસમાં પોતાના ૫૦ વર્ષ આપ્યા.હકીકતમાં કોંગ્રેસને મોટો ઝટકો આપતા ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામામાં કહ્યું છે કે તેમણે કોંગ્રેસ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા છે. તાજેતરમાં તેમણે જમ્મુ અને કાશ્મીર પ્રચાર સમિતિના વડાનું પદ છોડી દીધું હતું.

ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામાના પત્રમાં રાહુલ ગાંધી પર પાર્ટીને બરબાદ કરવા માટે દોષી ઠેરવતા આરોપ લગાવ્યો હતો કે અધ્યક્ષ પદ માટે તેઓ એવી વ્યક્તિને પસંદ કરશે જે માત્ર કઠપૂતળી બનીને રહે અને પડદા પાછળના તમામ નિર્ણયો પોતાની જાતે લેશે. આઝાદે આરોપ લગાવ્યો કે ૨૦૨૦માં પાર્ટીમાં સુધારાની માંગ કરનારા ૪-૨૩ નેતાઓને કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં દુર્વ્યવહાર, અપમાનિત અને બદનામ કરવામાં આવ્યા હતા.

તેમના રાજીનામાના પત્રમાં તેમણે કહ્યું હતું કે, ''કમનસીબે કોંગ્રેસ પાર્ટીમાં સ્થિતિ એવી બની ગઈ છે કે હવે પાર્ટીનું નેતૃત્વ સંભાળવા માટે પ્રોક્સીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પ્રયોગ ચોક્કસપણે નિષ્ફળ જશે. પાર્ટી આમ બરબાદ થઈ ગઈ છે.'' પરિસ્થિતિ હવે હાથમાંથી નીકળી ગઈ છે. આ ઉપરાંત, 'ચૂંટાયેલા પ્રમુખ' એક કઠપૂતળી સિવાય બીજું કંઈ નહીં હોય.'' તેમણે કહ્યું કે કોંગ્રેસે રાષ્ટ્રીય સ્તરે બીજેપીને અને પ્રદેશ સ્તરે પ્રાદેશિક પક્ષોને સ્થાન આપ્યું છે.

રાજીનામા પત્રની મહત્વની વાતો જોઈએ તો ૧. ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામા પત્રમાં રાહુલ ગાંધીને લઈને નારાજગી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું છે કે રાહુલ પોતાની આજુબાજુ અનુભવહીન લોકોને રાખે છે અને વરિષ્ઠ નેતાઓને સાઈડલાઈન કરી દીધા. રાહુલ ગાંધી પર પહેલા પણ પાર્ટ ટાઈમ પોલિટિશિયન હોવાનો આરોપ લાગતો રહ્યો છે. આ અગાઉ હાર્દિક પટેલ અને હિમંત બિસ્વા સરમાએ પણ તેમના પર સમય ન આપવાનો આરોપ લગાવ્યો હતો. ૨. ગુલામ નબી આઝાદે સોનિયા ગાંધીને લખ્યું છે કે અખિલ ભારતીય કોંગ્રેસ ચલાવનારી રાષ્ટ્રીય કાર્યસમિતિએ ઈચ્છાશક્તિ અને ક્ષમતા ગુમાવી દીધી છે. ૩. કોંગ્રેસે 'ભારત જોડો યાત્રા' શરૂ કરી છે તેને લઈને આઝાદે કહ્યું કે 'ભારત જોડો યાત્રા' શરૂ કરતા પહેલા પાર્ટી નેતૃત્વએ 'કોંગ્રેસ જોડો યાત્રા' શરૂ કરવી જોઈતી હતી. ૪. દુર્ભાગ્યથી રાહુલ ગાંધીના રાજકારણમાં આવ્યા બાદ જ્યારે તેમને પાર્ટીના ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા ત્યારે કોંગ્રેસના કાર્ય કરવાની રીતભાતને ખતમ કરી દીધી. તેમણે સંપર્ણ સલાહકાર તંત્રને ધ્વસ્ત કરી દીધુ. આ સાથે જ રાહુલ ગાંધીનો પ્રધાનમંત્રી દ્વારા બહાર પડાયેલો અધ્યાદેશ ફાડવો તેમની અપરિપકવતા દર્શાવે છે. જેનાથી ૨૦૧૪માં હારનો સામનો કરવો પડ્યો. ૫. ગુલામ નબી આઝાદે કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી ન કરાવવા અંગે પણ ગાંધી પરિવાર પર નિશાન સાધ્યું છે. તેમણે પોતાના પત્રમાં લખ્યું કે સંગઠનમાં કોઈ પણ સ્તરે ક્યાંય પણ ચૂંટણી થઈ નથી. ૬. આ સાથે જ આઝાદે પોપતા પત્રમાં જી-૨૩ વિશે પણ લખ્યું છે. તેમણે લખ્યું છે કે જી-૨૩ના નેતાઓએ કોંગ્રેસની નબળાઈઓ ગણાવી તો તે તમામ નેતાઓને અપમાનિત કરવામાં આવ્યા. ૭. પોતાના પત્રમાં આઝાદે જણાવ્યું છે કે રાહુલના આવવાથી ચર્ચાની પરંપરા ખતમ થઈ ગઈ. આ સાથે જ તેમણે કહ્યું કે ૨૦૧૯ની હાર બાદ પાર્ટીની હાલત વધુ ખરાબ થઈ. ૮. ગુલામ નબી આઝાદે આરોપ લગાવ્યો કે આજે કોંગ્રેસ રિમોટ કંટ્રોલ મોડલથી ચાલી રહી છે. રાહુલ ગાંધીના પીએ અને સુરક્ષાકર્મીઓ પાર્ટી વિશે નિર્ણય લઈ રહ્યા છે. રાહુલના નેતૃત્વમાં ૪૯માંથી ૩૯ વિધાનસભા ચૂંટણીઓમાં હાર મળી. ૯. આ સાથે જ આઝાદે કોંગ્રેસની બહાર સંભવિત ભવિષ્ય અંગે પણ સંકેત આપ્યો. તેમણે પત્રમાં લખ્યું છે કે મારા કેટલાક સાથીઓ અને હું તે આદર્શોને કાયમ રાખવા માટે દ્રઢ રહીશું જેના માટે અમે અમારું આખું વયસ્ક જીવન કોંગ્રેસને સમર્પિત કરી દીધુ હતું.

# આસામમાંથી અલ-કાયદા સાથે સંકળાયેલા ૩૪થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી

ગોવાહાટી,

આસામ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આતંક ફેલાવવાના ષડયંત્રમાં સામેલ ૩૪ થી વધુ લોકોની ધરપકડ કરી છે, જેઓ આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે સંબંધિત હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આસામ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે રાજ્યની પોલીસ આવા ષડયંત્રોને ક્યારેય સફળ થવા દેશે નહીં. પોલીસે કહ્યું કે આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા આ ધરપકડ કરાયેલા લોકોની કડીઓ વિશે પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આસામમાં આતંક ફેલાવવા માટે બહારથી ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, જેને ક્યારેય સફળ થવા દેવામાં આવશે નહીં. આસામ પોલીસના ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતાએ પોતાના નિવેદનમાં કહ્યું કે, અલ-કાયદા સાથે જોડાયેલા ૩૪થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમની કડીઓ શોધી કાઢવામાં આવી રહી છે. આસામ પોલીસ આવા ષડયંત્રોને સફળ થવા દેશે નહીં. બાંગ્લાદેશીઓ દ્વારા કેટલાક આર્મી ટ્રેનિંગ કેમ્પો સ્થાપવામાં આવ્યા છે. કેટલીક નવી મદરેસાઓ ઉભરી રહી છે. આસામ બહારથી ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. હાલમાં બાંગ્લાદેશ અને અલ-કાયદા સાથે જોડાયેલા જૂથો કટ્ટરવાદ ફેલાવવા માટે યુવાનોને પ્રભાવિત કરી રહ્યા છે.

## દાહોદમાં ગણેશ મહોત્સવના પાવન પર્વ દરમ્યાન

# પ્રદૂષણ સહિતના નિયમોનો ભંગ ન થાય એ માટે આદેશ કરાયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- ભગવાન ગણેશજીની પ્રતિમા બેઠક સહિત નવ ફુટથી વધુ ઉંચાઈની બનાવી શકાશે નહીં.
- શોભાયાત્રા સમયે પ્રતિમાની બેઠક, વાહન સહિતની ઉંચાઇ ૧૦ ફુટથી વધુ રાખવી નહી.
- પ્રતિમાઓ નદી, તળાવ, જળાશય કે અન્ય કુદરતી જળસ્ત્રોતોમાં કે તેના કિનારે વિર્સજિત કરી શકાશે નહીં.
- નાગરિકોએ પર્યાવરણને નુકશાન ન કરે તેવી ઈકો ફ્રેન્ડલી પ્રતિમાઓની સ્થાપના કરવી.
- રાત્રીના ૧૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી ગણેશ મહોત્સવ સુપ્રીમ કોર્ટ તેમજ સરકારે જાહેર કરેલા નિયમો મુજબ યોજાઇ તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ એક જાહેરનામા થકી કેટલાંક આદેશો કર્યા છે. તદ્દનુસાર, ભગવાન ગણેશજીની પ્રતિમા બેઠક સહિત નવ ફુટથી વધુ ઉંચાઈની બનાવવી નહી, વેચાણ કરવી નહી, સ્થાપના કરવી નહી તેમજ જાહેરમાર્ગ ઉપર તેનું પરિવહન કરવું નહી.

આયોજકોએ વિર્સજન માટેની શોભાયાત્રા સમયે કોઇ પણ પ્રતિમાની બેઠક અને પરિવહન કરનાર વાહન સહિતની ઉંચાઇ ૧૦ ફુટથી વધુ રાખવી નહી.

પ્લાસ્ટીક ઓફ પેરીસ, ભઠ્ઠીમાં સૂકવેલી ચીકણી માટી તથા ફાઇબરની પ્રતિમાઓ અને પ્લાસ્ટીક તથા થર્મોકોલ જેવા પદાર્થોમાંથી બનાવેલી પ્રતિમાઓ નદી, તળાવ, જળાશય કે અન્ય કુદરતી જળસ્ત્રોતોમાં કે તેના કિનારે વિર્સજિત કરવા નહી. આ પ્રતિમાઓને કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જિત કરવા નહી. મોટા કદની પ્રતિમાઓના વિસર્જન માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરવાની રહેશે.

પ્રતિમાઓની બનાવટમાં બિનઝેરી કુદરતી રંગો અને પદાર્થોનો ઉપયોગ કરવાનો રહેશે. ઝેરી, ઉતરતી કક્ષાના કેમીકલયુક્ત રંગો કે પદાર્થોનો ઉપયોગ કરી શકાશે નહી.

મૂર્તિકારો જે જગ્યાએ પ્રતિમાઓ બનાવે છે, તે જગ્યા તથા વેચાણની જગ્યા અને તેની આસપાસ ગંદકી કરવી નહી. તથા વધેલી તથા ખંડીત પ્રતિમાઓ બિનવારસી હાલતમાં છોડવી નહી. આ બાબતે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ તકેદારી રાખવી.

દાહોદ જિલ્લાની બહારથી પ્રતિમાઓ લાવી વેચાણ કરનાર તથા સ્થાપના કરનાર વેપારીઓ અને આયોજકોને પણ ઉક્ત તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

ગણેશોત્સવના પર્વ દરમ્યાન ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરનાર આયોજકો, સંસ્થાઓ, મંડળો તથા અન્ય તમામ નાગરિકોએ પર્યાવરણને નુકશાન ન કરે તેવી ઈકો ફ્રેન્ડલી પ્રતિમાઓની સ્થાપના કરવાની રહેશે.

અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિહ્નવાળી કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદી કે વેચાણ કરી શકાશે નહી. તેમજ શોભાયાત્રા દરમ્યાન પણ અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય એવા સુત્રો, ગીતો વગાડી અથવા પોકારી શકાશે નહી. તેમજ આ પ્રકારના બેનર, પોસ્ટર લગાડી શકાશે નહી.

શોભાયાત્રા નક્કી કરેલા રૂટ ઉપરથી જ પસાર કરવાની રહેશે અને તેની પૂર્વમંજૂરી સક્ષમ અધિકારી પાસેથી મેળવવાની રહેશે. સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન અનુસાર રાત્રીના ૧૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. નિયત કરેલા સ્થળોએ જ પ્રતિમાઓનું વિર્સજન કરવાનું રહેશે.

કોઇ મૂર્તિકાર કે વિક્રેતાઓ પ્રતિમાઓની બનાવટમાં પીઓપી કે ભઠ્ઠીમાં સૂકવેલી ચીકણી માટી, ઝેરી અને ઉતરતી કક્ષાની સીન્થેટીક કે રસાયણયુકત રંગો, ડાયનો ઉપયોગ કરીને પ્રતિમાઓ બનાવતા કે વેચાણ કરતા ધ્યાનમાં આવશે તો તે સમયે કે વેચાણ સમયે જપ્ત કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા બનાવેલા કૃત્રિમ કુંડ સિવાયના અન્ય સ્થળોએ વિર્સજન કરી શકાશે નહી. તેમજ તમામ માટી તથા પીઓપીની મૂર્તિઓનું વિર્સજન નગરપાલિકા દ્વારા બનાવેલા કૃત્રિમ કુંડમાં કરવાનું રહેશે.

શોભાયાત્રા દરમિયાન કોઈ પણ પ્રકારના નશાયુક્ત પદાર્થનું સેવન કરવાનું રહેશે નહી. સરકારે આપેલી કોરોના બાબતની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ જાહેરનામું તા. ૨૪ ઓગસ્ટથી આગામી તા. ૧૦ સપ્ટેમ્બરના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે.

## ગણેશ વિર્સજન કલેક્ટર કચેરી બહાર આવેલા સ્થળે કરવા સર્વસંમતિ સાધવામાં આવી છે

જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ આજે ગણેશ મંડળના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠક બાદ સંર્વસંમતીથી લેવાયલા નિર્ણય વિશે જણાવતા કહ્યું કે, ગણેશ વિર્સજન માટે તમામ વિકલ્પો તપાસ્યા બાદ તેમજ સુપ્રીમ કોર્ટ અને સરકારની માર્ગદર્શિકા મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગણેશ વિર્સજન માટે કલેક્ટર કચેરીની બહાર એક કૃત્રિમ તળાવ તૈયાર કરાશે. જે સ્થળે ગણેશ વિર્સજન કરવામાં આવશે. આજની બેઠકમાં ગણેશ મંડળના પ્રતિનિધિઓની આ બાબતની સ્થળ દૂર હોવા સહિતની રજૂઆતોનો સંતોષકારક નિકાલ કરાયો છે. આગામી વર્ષોમાં ગણેશ વિર્સજન માટેના યોગ્ય સ્થળ બાબતે પણ ખાતરી આપવામાં આવી છે. ગણેશ મંડળના પ્રતિનિધિઓ તેમજ ઉપસ્થિત અન્ય નાગરિકો, તેમજ જનપ્રતિનિધિઓએ કલેક્ટર કચેરી બહારની તરફ આવેલા સ્થળે ગણેશ વિર્સજન માટે સંમતિ આપી છે અને અહીં પ્રશાસન દ્વારા વિર્સજન માટેની તમામ સુવિધાઓ કરી અપાશે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ગણેશ મહોત્સવ ઉજવણી બાબતે દાહોદ જીલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડેલ હતું. જેના ઉપલક્ષમાં ફતેપુરા પોલીસ સ્ટેશને પી.એસ.આઇ. સી.બી.બરંડાની અધ્યક્ષતામાં શાંતી સમિતીની મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં પો.સ્ટે. વિસ્તારના સરપંચો, ગામના ગણેશ મંડળના આગેવાનો, મુસ્લીમ અગ્રણીઓ હાજર હતા. શાંતી સમિતીની મિટીંગમાં અધ્યક્ષ તરીકે બરંડા એ ગણેશ સ્થાપના થી ગણેશ વિસર્જન સુધીના દિવસો દરમ્યાન તકેદારી બાબતે જરૂરી સુચનાઓ આપીને કલેકટરના જાહેરનામાનો અમલ કરવા બાબતે જાણ કરી છે.

## ગરબાડાના ઝરીબુઝર્ગ પશુના ૩૦ કી.ગ્રા. માંસ સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામે ત્રણથી વધુ જેટલા ઈસમોએ પશુનુ કતલ કરી માસને પોતાના અંગત લાભ માટે ઉપયોગ કરતાં હોવાની બાતમી પોલીસને મળતાં પોલીસે સ્થળ પર ઓચિંતો છાપો મારતાં પશુનુ કતલ કરી રહેલ ઈસમો પોલીસને જોઈ નાસી ગયાં હતાં. પોલીસે સ્થળ પરથી ૩૦ કિ.ગ્રા. કિંમત રૂા. ૧૮૦૦ની કિંમતનું પશુ માંસ તેમજ કતલ કરવાના હથિયારો કબજે કર્યા હતાં. આ અંગે વેટરનરી ડોક્ટરના મૌખિત અભિપ્રાય પ્રમાણે આ માંસ ગૌમાંસ હોવાનું સામે આવ્યું છે.

ગત તા.૨૫મી ઓગષ્ટના રોજ ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામે ગામમાં મુડીયા ફળિયામાં રહેતાં મંગાભાઈ વેસ્તાભાઈ સંગોડ, ધુળીયાભાઈ નાથીયાભાઈ સંગોડ તથા તેમની સાથે અન્ય ઈસમો મળી એકબીજાની મદદગારી કરી વેચાણ તેમજ ખાવા સારૂં પશુનુ કતલ કરી બગાડ કર્યો હતો. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસને જોઈ ઉપરોક્ત ઈસમો નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી ૩૦ કિ.ગ્રામ. માસના જથ્થા સાથે કતલ કરવાનો લોખંડનો છરો, તપેલ, દોરડું, દાતરડું વિગેરે સાધનો કબજે કર્યા હતાં. આ અંગે વેટરનરી ડોક્ટરના મૌખિત અભિપ્રાય પ્રમાણે કતલ કરેલ માંસ ગૌમાંસ હોવાનો મૌખિક અભિપ્રાય આપ્યો હતો.

આ સંબંધે ગરબાડા પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના ભરસડા ગામેથી દેશી તમંચા સાથે એક ઈસમ ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભરસડા ગામેથી એક ઈસમ પાસેથી દાહોદ એસ.ઓ.જી. પોલીસે ગેરકાયદે દેશી હાથ બનાવટનો તમંચો કિંમત રૂા. ૨૫૦૦ સાથે ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૫મી ઓગષ્ટના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ભરસડા ગામે કાંટાવાળા ફળિયામાં રહેતો અજીતભાઈ નારૂભાઈ માવીના ઘરે ઓચિંતો છાપો મારતાં પોલીસે અજીતભાઈને ઝડપી પાડયો હતો અને તેના ઘરની તલાસી લેતાં ઘરમાંથી દેશી હાથ બનાવટનો તમંચો કિંમત રૂા. ૨૫૦૦નો ઝડપી પાડી ઉપરોક્ત ઈસમ વિરૂદ્ધ દાહોદ એસ.ઓ.જી. પોલીસે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

તાલુકા કન્યાશાળા ગરબાડા ખાતે તા. ૨૬/૮/૨૦૨૨ના રોજ ગરબાડામાં નવા આવેલ મામલતદાર તથા નાયબ મામલતદાર દ્વારા તાલુકા કન્યા શાળાની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. શાળા મુલાકાત દરમિયાન મધ્યાન ભોજનનો સમય થયો હોવાથી મામલતદાર તથા નાયબ મામલતદારએ શાળા કેમ્પસમાં બાળકો સાથે લાઈનમાં બેસીને મધ્યાહન ભોજન લીધું હતું.

## ફતેપુરા પોલીસ મથકના પોસ્કો અપહરણના આરોપીને બલૈયા ક્રોસીંગ ખાતેથી ઝડપ્યો

ફતેપુરા,

ફતેપુરા પોલીસ મથકના અપહરણના ગુનામાં અપહરણના ગુનાના નાસતા ફરતા આરોપીને બલૈયા ક્રોસીંગ પાસેથી ઝડપી પાડીને સગીરાનો કબ્જો પોલીસે મેળવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગરબાડા પોલીસ મથકે પોસ્કો અને અને અપહરણના ગુનાનો આરોપી રાજુ ગજાભાઈ કટારા જે છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હોય અને પોલીસને બાતમીદારો દ્વારા બાતમી મળી હતી કે, આરોપી રાજુ કટારા ખાનગી વાહનમાં બેસીને ભોગ બનનાર સગીરાને લઈ સામાજીક પ્રસંગ માટે આવવાનો છે. બલૈયા ક્રોસીંગ ખાતે આવનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. જયારે સગીરાનો કબ્જે પોલીસ દ્વારા લેવામાં આવ્યો.

## કોંગ્રેસના તમામ કાર્યકરો મોંઘવારી-બેરોજગારી સામે લડી રહ્યા છે અને તેવા સમયે આઝાદે પાર્ટી છોડી દીધી : કોંગ્રેસ



નવીદિલ્હી,

કોંગ્રેસમાં એકપછી એક રાજીનામાની લાઈનો લાગી છે ત્યારે આજે કોંગ્રેસના સિનિયર નેતા ગુલાબ નબી આઝાદે પણ છેડો ફાડી નાંખ્યો છે. તેઓ છેલ્લા ઘણા સમયથી પાર્ટીથી નારાજ હતા. વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદના રાજીનામા બાદ કોંગ્રેસ પાર્ટીની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે મીડિયાને સંબોધતા કહ્યું કે આ સમયે ગુલામ નબીનું રાજીનામું દુર્ભાગ્યપૂર્ણ છે. તેમનું રાજીનામું અમારા માટે દુ:ખની વાત છે. ગરીબોનો અવાજ ઉઠાવવાનો સમય હતો પરંતુ તેમણે રાજીનામુંઆપી દીધું. કોંગ્રેસ આ સમયે સરકાર સામે જોરશોરથી ઝુંબેશ ચલાવી રહી છે, પાર્ટીના નેતા જયરામ રમેશે કહ્યુ હતુ કે, ભારત જોડો યાત્રા ૭ સપ્ટેમ્બરે શરૂ થવાની હતી. ૩૨ પ્રેસ કોન્ફરન્સ શિડ્યૂલ હતી. આ સૌથી દુ:ખદ ઘટના છે કે આ સમયે અમારે આ પત્ર વાંચવો પડ્યો છે.

કોંગ્રેસના નેતા અજય માકને કહ્યુ કે, અમે લોકોએ ગુલામ નબીનો પત્ર મીડિયામાં જોયો હતો. આ દુ:ખની વાત છે કે આ સમયે જ્યારે સોનિયાજી અને રાહુલજી કોંગ્રેસના બધા કાર્યકરો મોંઘવારી - બેરોજગારી સામે લડી રહ્યા છે અને તે સમયે જ તેમણે (ગુલામ નબી આઝાદ) કોંગ્રેસ પાર્ટી છોડી દીધી.આઝાદ સાહેબ બહુ સિનિયર નેતા હતા પરંતુ દુ:ખની વાત એ છે કે અત્યારે અમે મોંઘવારી, બેરોજગારી અને ધ્રુવીકરણ સામે લડાઈ લડી રહ્યા છીએ અને ૭ સપ્ટેમ્બરે ભારત જોડો યાત્રા શરૂ થવાની છે. પરંતુ ગુલામ નબી આઝાદે તેવા સમયે રાજીનામું આપીને કોંગ્રેસનો સાથ અને લડાઈ છોડવાનો નિર્ણય કર્યો છે.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે ગુલામ નબી આઝાદ ઈન્દિરા ગાંધીના સમયથી આંતરિક કેબિનેટના સભ્ય હતા. તેઓ આજે પણ સોનિયા ગાંધીની ખૂબ નજીક હતા. અફસોસની વાત એ છે કે એવું શું થયું કે આટલો મોટો નિર્ણય લેવો પડ્યો.

ભાજપ નેતા કુલદીપ બિશ્નોઈએ કહ્યું કે કોંગ્રેસ આત્મઘાતી મોડમાં છે એમ કહેવું ખોટું નહીં હોય. હું રાહુલ ગાંધીને તેમના અહંકારને બાજુ પર રાખવાનું સૂચન કરું છું. જો ગુલામ નબી આઝાદ ભાજપમાં આવે તો તેમનું સ્વાગત છે. જો પાર્ટી મને પૂછશે તો હું તેમને પાર્ટીમાં જોડાવા માટે મનાવી શકીશ.એક દિવસ પહેલા કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર જયવીર શેરગીલે જણાવ્યું હતું કે વાસ્તવમાં કોંગ્રેસમાં દરબારી કલ્ચરથી નેતાઓ પરેશાન થઈ રહ્યા છે. ઘણા મોટા નેતાઓને હવે કોંગ્રેસ છોડવાની ફરજ પડી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગુલામ નબી આઝાદે કોંગ્રેસની પ્રાથમિક સદસ્યના પદેથી રાજીનામુ આપતા પત્ર લખ્યો હતો. તેમાં તેમણે કોંગ્રેસને બિનઅનુભવી ચાટુકાર નેતાઓની નવી મંડળી કહી છે. પાર્ટીના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીને લખેલા પત્રમાં લખ્યુ હતુ કે, 'ભારત જોડો યાત્રા શરૂ કરતાં પહેલાં કોંગ્રેસ જોડો યાત્રા કરવી જોઈએ.' કોંગ્રેસને ૨૦૨૪ની ચૂંટણી પહેલાં કદાચ પાર્ટી માટે આ સૌથી મોટો ઝટકો છે. અનુભવી નેતા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી ગુલામ નબી આઝાદે પૂર્વ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીને પાર્ટીમાં અપરિપક્વતા અને સલાહકાર તંત્રને ધ્વસ્ત કરવા માટે જવાબદાર ગણાવ્યા છે.

## હરિયાણાના અંબાલામાં એક જ પરિવારના ૫ લોકોની હત્યા કર્યા બાદ આરોપીએ આત્મહત્યા કરી

ચંડીગઢ,

હરિયાણાના અંબાલામાં એક હચમચાવી નાંખે તેવો કિસ્સો સામે આવ્યો છે. એક સાથે એક જ પરિવારના છ લોકોના મોત થયા છે. તેમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે.અંબાલા શહેરને અડીને આવેલા બલાણા ગામમાં એક જ પરિવારના ૫ સભ્યોને ઝેરી દવા પીવડાવી દેવામાં આવી હતી. આ પછી પરિવારના એક સભ્યએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. મૃતકોમાં ૬૫ વર્ષીય સંગત સિંહ, તેની પત્ની મહિન્દ્રા કૌર, ૬૨, સંગત સિંહનો પુત્ર સુખવિંદર સિંહ, ૩૨, સુખવિંદરની પત્ની પ્રમિલા, ૨૮ અને તેની ૬ અને ૮ વર્ષની બે છોકરીઓનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે આત્મહત્યા કરતા પહેલા સુખવિંદરે એક સુસાઈડ નોટ લખી હતી જેમાં તેણે તેની કંપનીના માલિકને મોત માટે જવાબદાર ગણાવ્યો હતો.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકામાં આવેલી જૂથ પંચાયત વિભાજન માટે ગ્રામજનો દ્વારા અનેકવાર વારંવાર લેખિત મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. આપણે પણ ગ્રામ પંચાયતની ચૂંટણી આવી જતા પંચાયતો વિભાજનની કાર્યવાહી ખોરંભે પડેલી કેમ લાગી રહી છે. સંજેલી તાલુકામાં સર્વે કરી ફરીથી આ તમામ ગ્રામ પંચાયત વિભાજન માટે બાકી રહી ગયેલ છે. યુથ પંચાયતો ડુંગરા મોલી કરંબા પંચાયત વિભાજન કરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને સંજેલી તાલુકા વિકાસ અધિકારીને આયોજન આપી બાકી રહેલી ગ્રામ પંચાયતો વિભાજન કરવા આમ આદમી પાર્ટી દ્વારા ગ્રામજનોને સાથે રાખી આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.




કેજરીવાલની ગેરંટીની સાથે પ્રચાર શરૂ કરવામાં આવ્યો. ૩૦૦ યુનિટ વીજળી ફ્રી, મહિલાને ૧,૦૦૦ રૂપિયા સન્માન આપવાની ગેરંટી, શિક્ષણ અને રોજગારી જેવી પાંચ ગેરંટી સાથે આમ આદમી પાર્ટી દ્વારા ફતેપુરા વિધાનસભા ૧૨૯ના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. આમ આદમી ફતેપુરાની ટીમ દ્વારા એક મોકો કેજરીવાલને કેમ્પેન અંતર્ગત સંજેલી તાલુકાના હિરોલા ગામ થી પ્રસાર શરૂ કરવામાં આવ્યો છે અને અરવિંદ કેજરીવાલની ગેરંટીની સાથે આપનો પ્રચાર પ્રસાર શરૂ હવે જોવાનું એ રહ્યું છે કે આપને કેટલો સાથ આપે છે. પ્રજા અને કેટલે ઉણી ઉતરશે તે તો આવનારો સમય બતાવશે આપ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પકડ મજબૂત કરવા કનેક્ટ જોવા મળ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.06

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાની આશા વર્કર અને આશા ફેસીલેટર બહેનોની પડતર માંગણીઓને લઈ લોકજન શકિત પાર્ટી દ્વારા વડાપ્રધાનને ઉદ્દેશીને આવેદન આપ્યું





ગોધરા,
પંચમહાલ જીલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી ફેસીલેટર અને આશા વર્કર બહેનોના પડતર પ્રશ્નોનો નિકાલ બાબતે જીલ્લા લોક જનશકિત પાર્ટી દ્વારા વડાપ્રધાનને ઉદ્દેશી આવેદનપત્ર જીલ્લા કલકેટરને આપવામાં આવ્યું.

ગુજરાત રાજયના તમામ જીલ્લાઓમાં ૧૧ માસના કરાર થી ૧૦ આશા વર્કર દીઠ–૧ ફેસીલેટરની નિમણૂંક કરવામાં આવી છે. તેઓને ખાતાકીય ટ્રેનીંગ આપવામાં આવેલ છે અને તમામ ૧૨ પાસ થી ગ્રેજયુએટ તેમજ તેનાથી વધારે ડીગ્રી ધરાવે છે. આશા ફેસીલેટર અને આશા વર્કરો આરોગ્યલક્ષી તમામ કામગીરી સંભાળે છે. તેમજ વધારાની જેમ કે, પોલીયો, સ્વચ્છ ભારત, કોવિડ–૧૯ની કામગીરીમાં જોડાયેલ છે. ફેસીલેટરને ૨૦ દિવસના ૬,૦૦૦/–રૂપીયા ચુકવવામાં આવે છે અને ૨૦૧૮માં ૨,૦૦૦/–રૂપીયા વધારો કરીને ૮,૦૦૦/–રૂપીયા વેતનનો વધારો કરવામાં આવેલ છે. તેના હુકમમાં સુધારો કરવામાં આવ્યો નથી. વધતી જતી મોંઘવારીમાં ઘર પરિવાર ચલાવવું મુશ્કેલ બન્યું છે. આશા વર્કર બહેનોને માનદ્ વેતન ૨,૦૦૦/–રૂપીયા અને ઈન્સેટીવ રકમ આપવામાં આવે છે. તે કામગીરી પ્રમાણે મળતું નથી અને ગ્રાન્ટના અભાવે વેતન પણ સમયસર મળતું નથી. આ પ્રથા રદ કરી ગુજરાત સરકાર નાણાં વિભાગ હાલ મળતા માનદ્ વેતનને રદ કરી ૨૬ દિવસની નોકરી ગણીને ૧૪,૮૦૦/–રૂપીયા ફીકસ પગાર તેમજ જાહેર રજાનો લાભ, બોનસ, પી.એફ., પેન્શનના લાભો સાથે કાયમી કર્મચારી ગણવાના હુકમ કરે તેવી માંગ કરી છે.

સરકાર મહિલાઓને રોજગારી આપવાના બહાને અન્યાય કરવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા વિચાર વિર્મશ કરી આશા ફેસીલેટર અને આશા વર્કર બહેનોને ન્યાય મળે તેવી કાર્યવાહી કરી આશા વર્કર અને આશા ફેસીલેટરની માંગણી કરવામાં આવી છે.જેમાં ૧૧ માસના કરાર પાંચ વર્ષ પૂર્ણ થતાં કર્મચારીને કાયમી કરવામાં આવે તેવી જોગવાઈ છે પરંતુ ૧૫ વર્ષ માનદ્ વેતન થી કામ કરતા હોવા છતાં કાયમી કરવામાં આવ્યા નથી. આશા ફેસીલેટરની ખાલી પડેલ જગ્યાએ સીનીયોરીટીના ધોરણે પ્રમોશન આપવામાં અને સમાવેશ કરવામાં આવે, નવી ભરતી કરવામાં આવે, આશા વર્કર અને આશા ફેસીલેટર વર્ગ–૪, પગાર સ્લીપ, આઈકાર્ડ અને વિમા સુરક્ષા, મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા લોકજન શકિત પાર્ટી દ્વારા વડાપ્રધાન, મુખ્યમંત્રી, જીલ્લા આરોગ્ય અધિકારીને લેખિત આવેદન આપવામાં આવ્યું.

# ગોધરા પોસ્ટ વિભાગ દ્વારા સ્વામિનારાયણ હોલ ખાતે વિવિધ યોજનાની જાણકારી માટે મહાઅધિવેશન યોજાયું



- ગોધરામાં ટપાલ સેવાના વ્યાપક પ્રચાર પ્રસાર માટે પોસ્ટ માસ્તર જનરલ પ્રીતિ અગ્રવાલના નેતૃત્વમાં અધિવેશન યોજાયું
- પોસ્ટ વિભાગની વિવિધ યોજનાઓ છેવાડા માનવી સુધી પહોચાડવા અપાયું માર્ગદર્શન.
- પંચમહાલ વિભાગની ૫૨૬ બ્રાંચ પોસ્ટ ઓફીસ અને ૪૨ હેડ તેમજ સબ ઓફીસ દ્વારા વિવિધ કેટેગરીનાં ૧૯ હજાર ખાતાના ફોર્મ એકત્ર કરી ખાતા ખોલવાની પ્રક્રિયા શરૂ કરાઈ.

ગોધરા,
પંચમહાલ પોસ્ટ વિભાગ ગોધરા દ્વારા પોસ્ટ માસ્તર જનરલ, સાઉથ ગુજરાત રીઝીયન વડોદરાના નેતૃત્વ હેઠળ સ્વામિનારાયણ હોલ, ગોધરા ખાતે પોસ્ટ ઓફીસ દ્વારા પૂરી પાડવામાં આવતી સુકન્યા સમૃદ્ધિ ખાતા, પબ્લિક પ્રોવિડંડ એકાઉન્ટ સ્કીમ, રીકરીંગ ખાતા, ટાઇમ ડીપોઝીટ એકાઉન્ટ જેવી સેવાઓના વ્યાપક પ્રચાર માટે મહા અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંચમહાલ ડીવીઝનની તમામ ૫૨૬ બ્રાંચ પોસ્ટ ઓફીસ ના બ્રાંચ પોસ્ટ માસ્તર તેમજ તમામ ઉપ વિભાગીય ડાકઘર નિરીક્ષક ઉપસ્થિત રહી અધિવેશનને સફળ બનાવ્યું હતું. પ્રીતિ અગ્રવાલે દરેક કર્મચારીઓને સારી કામગીરી બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું કે, પોસ્ટ ઓફીસની વિવિધ યોજનાઓને ગામડાના છેવાડાના માનવી સુધી કઈ રીતે પહોચાડી શકાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તેમણે દરેક કર્મીઓને વધુ સારી કામગીરી કરી શકે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

પોસ્ટ માસ્તર જનરલ, સાઉથ ગુજરાત રીઝીયન પ્રીતિ અગ્રવાલે સુકન્યા સમૃદ્ધિના ખાતા ખોલાવેલ નાની બાળાઓને સુકન્યાની પાસબુક સાથે નાના છોકરાઓ માટે ખોલાવેલ પબ્લિક પ્રોવિડંડ એકાઉન્ટની પાસબુકનું પણ વિતરણ કર્યું હતું.

પંચમહાલ વિભાગની ૫૨૬ બ્રાંચ પોસ્ટ ઓફીસ અને ૪૨ હેડ તેમજ સબ ઓફીસ દ્વારા દસ દિવસમાં વિવિધ કેટેગરીનાં ૧૯,૦૦૦ જેટલા ખાતાનાં ફોર્મ એકત્ર કરી ખાતા ખોલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ગત વર્ષ ૨૦૨૧–૨૦૨૨ ના સમયગાળામાં જુદી જુદી કેટેગરીમાં ઉત્તમ કામગીરી કરનાર બ્રાંચ પોસ્ટ માસ્તરોનું ઈનામ તેમજ પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# હાલોલના પ્રતાપપુરા ખાતે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીના રહિશોને બિલ્ડર દ્વારા પ્રાથમિક સુવિધા પુરી નહિ પાડતાં પ્રાંત અધિકારીને રજુઆત



હાલોલ,
હાલોલ તાલુકાના પ્રતાપપુરા ખાતે બિલ્ડરો દ્વારા વિવિધ સુવિધાઓની જાહેરાત કરી પાંચ વર્ષ અગાઉ રહેણાંક મકામનો વેચાણ કર્યા હતા. બિલ્ડર દ્વારા રોડ, રસ્તા અને પાણીની સુવિધા નહિ પુરી કરતાં ઈન્દ્રપ્રસ્થના બિલ્ડર સામે કાર્યવાહીની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદન આપ્યું.

હાલોલ તાલુકાના પ્રતાપપુરા ખાતે આવેલ જમીનમાં બિલ્ડરો દ્વારા વિવિધ સુવિધાઓની જાહેરાત સાથે છ વર્ષ અગાઉ ઈન્દ્રપ્રસ્થ રહેણાંક મકાનની સ્કિમ અંતર્ગત ડુપ્લેકસ અને મકાનો બનાવીને વેચાણ કર્યા હતા. જેમાં ઈન્દ્રપ્રસ્થમાં અવર જવર માટે રસ્તા, ડ્રેનેજ લાઈન, સાફ સફાઈ, સિકયુરીટી ગાર્ડ, લાઈટ, બાગ બગીચા સહિતની સુવિધાઓનું વચન આપવામાં આવ્યું હતું. તેમ છતાં ઈન્દ્રપ્રસ્થ સોસાયટીના બિલ્ડર આર.સી.સી.રોડ સુવિધા પુરી પાડવામાં આવી નથી. તેમજ પીવાનું ચોખ્ખું પાણી પુરી નહિ પાડતાં ઈન્દ્રપ્રસ્થ સોસાયટીના રહિશો દ્વારા ઈન્દ્રપ્રસ્થ બિલ્ડર મકાન વેચાણ રાખનારને સુવિધા પુરી નહિ પાડીને છેતરપિંડી કરી હોય આ બાબતે પ્રાંત અધિકારીને આવેદન આપીને કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે.

# હાલોલમાં ભુર્ગભ ગટર લાઈનના ખાડામાં લીમડી ફળીયા પાસે ઈંટો ભરેલ ટ્રેકટર ફસાયું



હાલોલ,
હાલોલ નગર પાલિકા વિસ્તારમાં મુખ્ય માર્ગો ઉપર ભુર્ગભ ગટર લાઈનની કામગીરી ખાડા ખોદી પુરણ નહિ કરવામાં આવતાં વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. લીમડી ફળીયામાં ઈંટો ભરેલ ટ્રેકટર ફસાયું.

હાલોલ પાલિકા વિસ્તારમાં ચાલતી ભુર્ગભ ગટર લાઈનની ધીમી કામગીરીને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરતાં કોન્ટ્રાક્ટર દ્વારા માર્ગોના ખોદકામ બાદ યોગ્ય પુરણ નહિ કરવાને લઈ રોજ રસ્તાઓ ઉપર વાહનો ફસાઈ જવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. હાલોલના લીમડી ફળીયામાં ભુર્ગભ ગટર લાઈન માટે ખોદેલ ખાડામાં ઈંટો ભરેલ ટ્રેકટર બેસી જતાં ટ્રેકટર માલિકને નુકશાની વેઠવાનો વારો આવ્યો. સાથે ખાડા માંથી ટ્રેકટર બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવી પડી છે. ત્યારે પાલિકા તંત્ર નગરજનોને માર્ગો ઉપર પડતા ખાડાઓથી કાયમી મુકિત અપાવે તેવી માંગ સાથે રોષ પણ વ્યકત કર્યો છે.

# ઘોઘંબાના દુધાપુરા ગામે આરોપીએ પેઢાના ભાગે મારમારતાં દવા સારવાર દરમિયાન મોત થતાં પોલીસ ફરિયાદ

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના દુધાપુર નાયક ફળીયામાં રહેતા ફરિયાદના મોટાભાઈને ૨૮ જુલાઈના રોજ ફળીયામાં રહેતા આરોપીએ જુગાર રમવા બોલાવતા જુગાર રમવાની ના પાડી હોય જેથી ગાળો આપીને પેઢાના ભાગે લાતો મારતાં સારવાર અર્થે દવાખાનામાં ખસેડતા મોત નિપજાવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દુધાપુરા નાયક ફળીયામાં રહેતા બાલુભાઈ નાયકના મોટાભાઈ જીગ્નેશભાઈ મંગાભાઈ નાયક્ને તા.૨૮ જુલાઈના રોજ ગામમાં રહેતા આરોપી અશોક ઉદેસિંહ નાયક એ જુગાર રમવા કહેતા મૃતક જીગ્નેશભાઈ એ જુગાર રમતા ન હોવાનું કહેતા આરોપી અશોક નાયક ઉશ્કેરાઈ જઈ ગાળો આપી પેઢાના ભાગે મારમારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેથી સારવાર અર્થે ઘોઘંબા સરકારી દવાખાને ત્યાંથી ગોધરા સિવિલ અને વધુ સારવાર માટે વડોદરા એસ.જીમાં દાખલ કરે હતા અને પૈસાથી અછત થતાં દુધાપુર ગામે લઈ આવેલ હતા અને તબીયત બગડતા ૧૦૮ મારફતે સરકારી દવાખાનામાં જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે. આ બાબતે રાજગઢ પોલીસ મથકે આરોપી અશોકભાઈ નાયક સામે ફરીયાદ નોંધાવા પામી.

# અમદાવાદમાં રાજા બિલ્લી સહિત બે લોકોની એમડી ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી

## આરોપી શાહિદ ઉર્ફે રાજા બિલ્લી સામે અગાઉ વટવા, ગુજરાત યુનિવર્સિટી અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ થઈ ચૂક્યા છે.




અમદાવાદ,
શહેરમાં ડ્રગ્સની બધી દૂર થાય તે માટે સ્થાનિક પોલીસ ઉપરાંત અલગ અલગ એજન્સીઓ પણ હવે કામે લાગી છે. છેલ્લા કેટલાક સમયની વાત કરીએ તો મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ખરીદી અલગ અલગ જગ્યાએ છૂટક વેચાણ કરતા ડ્રગ્સ પેડલરો સામે પોલીસે સખ્ત કાર્યવાહી કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પંચવટી પરિમલ ગાર્ડન પાસેથી બે ડ્રગ્સ પેડલરોને ૧૯.૯૦૦ ગ્રામ મેફેડ્રોનના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાદતી મળી હતી કે વટવાનો શાહિદ ઉર્ફે રાજા બિલ્લી શેખ અને નવરંગપુરાનો ફૈઝલ શેખ એલિસ બ્રિજ પરિમલ ગાર્ડન પાસે પંચવટી તરફ જતા ફૂટપાટ પર ભેગા થવાના છે. જ્યાં ફૈઝલ શેખ શાહીદ ઉર્ફે રાજા બિલ્લીને પોતાના ધંધા માટે મંગાવેલો એમડી જથ્થો લાવી આપનાર છે. જે બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. બંને પાસેથી પોલીસને ૧૯.૯૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે.

આરોપી શાહિદ ઉર્ફે રાજા બિલ્લી સામે અગાઉ વટવા, ગુજરાત યુનિવર્સિટી અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ થઈ ચૂક્યા છે. હાલ પોલીસે આ બંને આરોપીઓની ધરપકડ કરીને સમગ્ર મામલે વધુ તપાસ શરુ કરી છે.

ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા અમદાવાદ એસઓજીએ એમડી ડ્રગ સાથે એક મહિલા અમીનાબાનુ ઉર્ફે ડોન અને તેના સાગરીતને પકડી એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને પાસેથી આશરે ૩૧ ગ્રામ જેટલું એમડી ડ્રગ પણ કબ્જે કર્યું હતું.

એસઓજીને માહિતી મળી હતી કે, આરોપીઓ અમીનાબાનુ અને તેનો સાગરીત સમીરઉદીન એમડી ડ્રગનું વેચાણ કરે છે. જે માહિતીના આધારે એસઓજીની ટીમ દ્વારા કાળુપુરમાં આવેલી ભંડેરી પોળમાં દરોડાં પાડી કાર્યવાહી કરી હતી. કાર્યવાહી દરમિયાન તેમની પાસેથી આશરે ૩૧ ગ્રામ એમડી ડ્રગ્સ કે જેની કિંમત આશરે ૩ લાખથી વધુનો થાય છે તે કબજે કરવામાં આવ્યું છે.

# વડોદરામાં ખુલ્લેઆમ વેચાયુ ગૌમાંસ, બોરસદથી ટેમ્પો ભરીને માંસ આવ્યું હતું

વડોદરા,
વડોદરામાં ખુલ્લેઆમ ગૌમાંસનો થતો વેપાર પકડાયો છે. વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં ગૌ માંસ વેચતા વેપારીઓ પકડાયા છે. વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં એક નાનકડા ઘરમાં ગૌમાંસ વેચાતુ હતું જેને પોલીસની ટીમે બાતમીના આધારે પકડી પાડ્યું છે. આ માટે બોરસદથી ગૌ માંસ ભરીને ટેમ્પો આવ્યો હતો. ત્યારે આ ઘટનાથી લોકોની લાગણી દુભાઈ છે.

સંસ્કારી નગરમાં ખુલ્લેઆમ ગૌમાંસ વેચાયુ છે. ગૌરક્ષકોએ આ વેપલાને ખુલ્લો પાડ્યો છે. વડોદરામાં ગૌ રક્ષક, ફતેગંજ પોલીસ અને પીસીબી પોલીસે સંયુક્ત રીતે નવાયાર્ડના એક નાનકડા ઘરમાં દરોડા પાડ્યા હતા. જેમાં ગૌમાંસ ઝડપાયુ હતું. પોલીસે ગૌ માંસ વેચતા ૩ વેપારીઓની અટકાયત કરી છે. સાથે જ પોલીસે ગૌમાંસનું પગેરું ક્યાંથી આવ્યુ તે પણ ઝડપી પાડ્યું છે.

પોલીસની ટીમે ટેમ્પો ડ્રાઈવરની પણ અટકાયત કરી છે, જે બોરસદથી ટેમ્પો ભરીને ગૌમાંસ લાવ્યો હતો. પોલીસે દરોડા પાડીને ૧૮૦ કિલો ગૌ માંસ ઝડપી પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે, નવાયાર્ડ વિસ્તારમાં અગાઉ પણ ગૌ માંસ વેચતા લોકો પકડાયા હતા. આ ઘટનાથી લોકોની લાગણી દુભાઈ છે.

# સિંગતેલના ભાવ વધુ એકવાર વધ્યા, સિંગતેલનો ડબ્બો ૩૦૦૦ રૂપિયાને પાર પહોંચ્યો

રાજકોટ,
ઓગસ્ટ મહિનો આવતા જ ખાદ્યતેલના ભાવમાં સતત ભડકો થઈ રહ્યો છે. એક અઠવાડિયામાં ત્રીજીવાર સિંગતેલના ભાવમાં વધારો થયો છે. સીંગતેલમાં રૂપિયા ૬૦ નો વધારો ઝીંકાયો છે. આ સાથે સિંગતેલનો ડબ્બો ૩૦૦૦ રૂપિયાને પાર પહોંચ્યો છે. ખાદ્યતેલના વધતા ભાવને લઈને હવે ગુજરાત એડીબલ ઓઈલ એન્ડ સિડ્સ એસોસિએશન મેદાને આવ્યું છે. ગુજરાત એડિબલ ઓઈલ એન્ડ સિડ્સ એસોસિયેશનના પ્રમુખ સમીર શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાણાંમંત્રી નિર્મલા સિતારમનને તેલના વધતા ભાવ અંગે પત્ર લખ્યો છે. કેન્દ્ર સરકાર ખાદ્યતેલના ભાવ વધારા પાછળ જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો છે. ખાદ્યતેલ ઉદ્યોગોને ઈનપુટ ટેક્સ ક્રેડિટ રિફંડ આપવાની માંગ કરી છે. આડકતરી રીતે GST વધારી દેતા ખાદ્યતેલના ભાવ વધ્યા હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. GST કાઉન્સિલના નિર્ણયને ફેર વિચારણા કરવાની ઓઈલ મિલરોમાં માંગ ઉઠી છે. રિટેલ માર્કેટમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. પહેલીવાર સિંગતેલનો ભાવ છેલ્લા એક સપ્તાહમાં ડબાદીઠ રૂ.૧૦૦-૧૨૫ વધી સૌ પ્રથમ વખત રૂ.૩૦૦૦ની સપાટીએ પહોંચી ગયો છે. તેલના ભાવ વધવાનું એક કારણ સંગ્રહખોરી પણ કહેવાઈ રહી છે. સિંગતેલની સાથે સાથે કપાસિયા તેલ, પામોલિન તેલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. મગફળીનો નવો પાક માર્કેટમાં આવે તેના બાદ જ ભાવ ઘટવાની શક્યતા છે. નવો પાક આવવા હજી વાર છે તેથી ત્યાં ભાવ ઉંચા રહેશે. ગુજરાતની ૯૦ ટકા ઓઈલ મિલો બંધ થઈ ચૂકી છે જેની પણ બજાર પર અસર જોવા મળી છે.

# ઘોઘંબા તાલુકાના ધનેશ્વર ગામે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા રામદેવપીરનો પાટોત્સવ અને પાર્વતી માતાની પ્રતિષ્ઠા કરવામાં આવી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકામાં આવેલ ધનેશ્વર મહાદેવના મંદિરે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ નિમિત્તે રામદેવપીરનો પાટોત્સવ અને પાર્વતી માતાની મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો અને ગામ લોકો દ્વારા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધનેશ્વર તથા દુધાપુરા ગામની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તથા આસપાસના ભાવિક ભક્તોને પાકું ભોજન જમાડવામાં આવ્યું હતું. ધનેશ્વર ગામના લોકો દ્વારા ધાર્મિક વાતાવરણ સાથે કુદરતી રીતે પણ દરેક મનુષ્યને સુખ–શાંતિ મળે તેવા શુભ આશય થી પાટ પ્રકાશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ મનુભાઈ રાઠવા, તાલુકા પંચાયતના સભ્ય મહેન્દ્રભાઈ પરમાર, ડેપ્યુટી સરપંચ પ્રકાશભાઈ, ધવલભાઈ પંડિત નિલેશભાઈ વરીઆ, માધવસિંહ ચૌહાણ અને ગામના અગ્રગણ્ય આગેવાનો તથા વડીલો ઉપસ્થિત રહીને કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યુ હતું.